## સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકશાન

સમી સાંજે ખાબકેલા કમોસમી વરસાદથી સાબરકાંઠાના પ્રાંતિજ સહિતના તાલુકામાં ધોધમાર વરસાદ ખાબકતા ઘઉ, બાજરી સહિત પાકોમાં મોટુ નુકશાન થવા પામ્યુ છે. ઉનાળાની આકરી ગરમી વચ્ચે આજે સમી સાંજે કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ જતા વિજળીના કડાકા સાથે અચાનક વરસાદ વરસતા કહી ખુશી કહી ગમના દશ્યો સર્જાયા હતા. દિવસની ગરમીથી પરેશાન લોકોએ વરસાદનો આનંદ માણ્યો હતો. અને ખેડૂતો પોતાનો પાક બચાવવા દોડાદોડી કરતા નજરે ચડતા હતા.

અચાનક તેજ પવન સાથે વરસાદ પડવાથી જિલ્લાના ખેડૂતોમાં નિરાશા વ્યાપી જવા પામી છે. ખેડૂતોનો તૈયાર થયેલો પાક નષ્ટ થઈ જવા પામ્યો છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના તાલુકામાં ભારે નુકશાન થવા પામ્યુ છે. ચૂંટણી અને લગ્ન સિઝનમાં વરસાદ વિલન બનવા પામ્યો છે.

# મહેસાણા બેઠક પર ત્રિપાંખીયો જંગ પણ ચૂંટણીનું વાતાવરણ હજુ જામતુ નથી

મહેસાણા, તા. ૨૦

ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો માટે આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે ત્યારે ૪ મહેસાણા લોકસભા સીટની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે કુલ ૧૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. મહેસાણા સંસદીય મતક્ષેત્રમાં કુલ ૧૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે તેમાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, ભારતીય નેશનલ જનતાદળ, વિશ્વ હિન્દુસ્તાની સંગઠન બહુજન મુક્તિ પાર્ટી તેમજ અપક્ષો છે. આ વખતની ચૂંટણીમાં પાંચ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ત્રણ ઠાકોર, એક પ્રજાપતિ અને એક લઘુમતી સમાજના ઉમેદવાર છે. જ્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ત્રણેય ઉમેદવારો પાટીદાર જ્ઞાતિના છે. આ ઉપરાંત બક્ષીપંચમાં સમાવિષ્ટ જ્ઞાતિઓના પણ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જો કે આમાં મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે હોવા છતાં આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવાર પણ મેદાનમાં હોઈ ત્રિપાંખીયો જંગ જામ્યો છે. ભાજપના જયશ્રીબેન પટેલને પુનઃ ટિકિટ મળતાં ભાજપમાં જ ભડકો થયો હતો. જીલ્લા ભાજપના બે પૂર્વ પ્રમુખો, ઊંઝા ધારાસભ્ય, જિલ્લાના બે પૂર્વ પ્રધાનો સહિત કેટલાક આગેવાનોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર જીવાભાઈ પટેલ સામે પણ કોંગ્રેસના કેટલાક અગ્રણીઓમાં અંદર ખાનગી નારાજગી પેદા થઈ હતી. આવી સ્થિતિમાં ભાજપ માટે આ વખતની ચૂંટણીમાં અગ્નિપરીક્ષા થાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. મુખ્ય રાજકીય પક્ષો તેમજ અન્ય પાર્ટીઓના ઉમેદવારોએ ચૂંટણી કાર્યાલયો ખોલી પ્રચારકાર્ય વેગવાન બનાવ્યું છે. પરંતુ કોણ જાણે કેમ ચૂંટણીનો દિવસ નજીક આવવા છતાં મતદારોમાં હજી સુધી કોઈ જ ઉત્સાહ કે ઉમંગ જણાતો નથી. જે તે પક્ષના ચૂંટણી કાર્યાલયોમાં પણ કાર્યકરોની પાંખી હાજરી જોવા મળે છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર વંદનાબેન પટેલ સહિત અન્ય ઉમેદવારો ચૂંટણીમાં વિજયી થવા માટે વિવિધ જ્ઞાતિઓના સમૂહોને મળીને તેમજ સભાઓ થકી મતદારોને રીજવવાના પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ ચૂંટણી પ્રત્યે મતદારોની નિરાશાને જોતાં હજી સુધી ચૂંટણીનો માહોલ ગરમાયો નથી. મહેસાણા લોકસભા સીટમાં કુલ સાત વિધાનસભા સીટોનો સમાવેશ થાય છે. જેમાં મહેસાણા, ઊંઝા, વિસનગર, બેચરાજી પર ભાજપ અને વિજાપુર, કડી તેમજ ઊંજા વિધાનસભા બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને લીડ મળી છે.

કુલ મતદારોમાં પાટીદાર અને પટેલ જ્ઞાતિના મતદારોની સંખ્યા સવિશેષ છે. ઠાકોર ક્ષત્રિય, બીજા ક્રમે દલિતોની સંખ્યા છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો મહત્વના પ્રશ્નો હલ કર્યા હોવાના દાવાઓ કરે છે. પરંતુ મતદારો બધુ જ સમજે છે. આ વખતની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ત્રણેય ઉમેદવારો જ્ઞાતિના એક જ સમાજના હોવાથી પાટીદારના મતોનું વિભાજન થાય તેમ છે.

# ભિલોડામાં ઓવર લોડ રેતી ભરેલી સાત ટ્રકો ઝડપાઈ

## રેતી, કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો

ભિલોડા, તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડામાં રેતી ભરેલી ઓવર લોડ પાંચ ટ્રકો અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના બાહોશ અધિકારી અજીતસિંઘની રાહબરી હેઠળ સ્ટાફ ધ્વારા ઝડપાઈ છે. ભિલોડામાં રેતી, કપચીનો બે-નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓ, ટ્રક ચાલકો અને ટ્રક માલીકોમાં ભારે ફફડાટ ફેલાયો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને બાતમી મળતાં ભિલોડા પાસે વોચ ગોઠવતાં ઓવરલોડ રેતી ભરેલી ૭ ટ્રકો ઝડપી લીધી હતી. ટ્રકો અને રેતી સીઝ કર્યા બાદ ભિલોડા મામલતદાર કચેરી કંપાઉન્ડમાં ટ્રકો મુંકવામાં આવી હતી. ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા દંડનીય કાર્યવાહી કરી ટ્રક માલીકોની દંડ ફટકારાયો હતો. અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા સત્વરે લાલ આંખ કરી વધુ ન્યાયિક તપાસ કરવામાં આવે તો ઓવરલોડ રેતી-કપચી ભરી દોડતા ટ્રક ચાલકો વધુમં વધુમાં ઝડપાઈ શકે તેમ છે. અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા દરોડો પાડવામાં આવતા આજે ઓવર લોડ રેતી ભરેલી ૭ ટ્રકો ઝડપી દંડનીમય કાર્યવાહી હાથ ધરાઈ છે ત્યારે રેતી-કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના બાહોશ અધિકારીઓ ધ્વારા ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી ભરી વહન કરતા ટ્રકોની ચેકીંગ ઝુબેશ આજે સવારે ૧૦:૦૦ વાગ્યાના અરસામાં હાથ ધરવામાં આવી હતી ત્યારે ઓવર લોડ રેતી ભરેલી સાત ટ્રકો ઝડપાઈ છે.ઓવર લોડ રેતી ભરેલી ટ્રકોના નંબરો નીચે મુજબ છે. (૧) જી.જે. ૯. ઝેડ.૨૫૮૮ (૨) જી.જે.૯. ઝેડ.૮૫૬૧ (૩) જી.જે. ૦૯. એવી.૧૮૪૭ (૪) જી.જે.૫.યુયુ. ૭૧૯૧ (૫) જી.જે.૯.વી. ૭૬૧૧ (૬) જી.જે.૯.ઝેડ. ૮૬૨૦ (૭) જી.જે. ૯.ઝેડ. ૨૦૯૭ છે.




અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા વધુ ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી, લોખંડ સહિત વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓ ટ્રકોમાં ટ્રક ચાલકો ઓવર લોડ ભરી આર.ટી.ઓ. અને પોલીસ તંત્રના બીલકુલ ડર વગર કાયદાની ઐસી-તૈસી કરી બિન્દાસ્ત પુરપાટ ઝડપે ટ્રકો હંકારતા હોવાના કારણે પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. રેતી-કપચીનો મોટા પાયે ધીકતો બેનંબરનો ધંધો કરતા વેપારીઓ અને ટ્રક ચાલકો ટ્રકોમાં ઓવર લોડ રેતી-કપચી ભરી બિન્દાસ્ત સ્ટોક કરી મન ફાવે તેમ ધોળા દિવસે લુંટ ચલાવતા હોવાનું લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે. રેતી-કપચીના વ્યવસાય સાથે સંકળાયેલા અનેક નાના-મોટા વેપારીઓએ મોટા-મોટા ગોડાઉનો રાખી ઠેર-ઠેર જાહેર રસ્તાઓ ઉપર દબાણો કરતા હોવાનું જાણવા મળેલ છે. રેતી-કપચીના જાણે કે ગોડાઉનોમાં ડુંગર બનાવ્યા હોય તેમ રેતી-કપચીના ઢગલા વેપારીઓના ગોડાઉનો ઉપર જોવા મળતા હોય છે. ખાણ-ખનીજ વિભાગના નિતી-નિયમો પ્રમાણે અમુક હદ મર્યાદામાં રેતી, કાંકરો તેમજ નદીના ડોરવા પથ્થરોનું લીઝ મંજુર કરવામાં આવે છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે લીઝ ધારકો નદીઓમાં જે.સી.બી.મારફતે મોટા-મોટા ખાડા કરી આડેધડ ખોદકામ કરી નદીઓના કુદરતી વહેણમાં આડખીલી રૂપ બનતા હોય છે જેના કારણે ઉપરવાસમાં જ્યારે ચોમાસાની સીઝનમાં ભારે વરસાદ આવે ત્યારે હાથમતી નદી, બુઢેલી નદી અને ઈન્દ્રાસી નદીઓમાં પાણીના ઘોડાપુર આવતા હોય છે ત્યારે નદીઓની આજુ-બાજુ આવેલા ખેતરોનું ધોવાણ થતું હોય છે ત્યારે ખેડુતોએ માથે પોક મુંકી રોવાનો વારો આવતો હોય છે. અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે આ બાબતે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તો રેતી- કપચીના લીઝ ધારકોના મોટા-મોટા કૌભાંડો બહાર આવી શકે તેમ લોકમુખે ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે.

## હિંમતનગરમાં ૨ ૩મીએ નરેન્દ્ર મોદીની જાહેરસભા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભાનો ચૂંટણીનો



જંગ જામી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પ્રચાર કાર્યને વેગ આપવામાં આવી રહ્યો છે. લોકસભામાં કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા સામે ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ અને હિંમતનગર વિધાનસભાના ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાને જંગી મતોથી વિજય અપાવવા મતદારોને અપીલ કરવા ગુજરાતના મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તા. ૨ ૩મી એપ્રિલને બુધવારે બપોરે ૩ કલાકે ખેડતસીયા રોડ ઉપર આવેલા વૈશાલી ગ્રાઉન્ડમાં જાહેરસભા યોજાશે. નરેન્દ્ર મોદીની સભામાં જિલ્લાભરમાંથી લોકો ઉમટી પડે તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલની રાહબરીમાં ભાજપના કાર્યકરો અને હોદ્દેદારો કામે લાગી ગયા છે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)




સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભા માટે આજે ૮૦૦૦ જેટલા કર્મચારીઓના મતદાન માટે જિલ્લાના જુદા જુદા મથકો ઉપર વ્યવસ્થા કરવામાં આવી હતી. ચૂંટણી કામગીરીમાં જોતરાયેલા પોલીસ, જી.આર.ડી., હોમગાર્ડ, એસ.ટી. ડ્રાયવર અને પોલીંગ સ્ટાફ સહિતના કર્મચારીઓએ મતદાન કર્યું હતું. સવારે સાત વાગ્યાથી પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું.

## તાજપુર કૂઈથી સાદરા સુધીનો માર્ગ સુધરતા લોકોમાં ખુશી

પ્રાંતિજ, તા.૨૦

પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે પર તાજપુર કૂઈથી સાદરા તરફ જતો માર્ગ ઘણા સમયથી ઢંગઢાળ વગરનો અને ખાડા ખડીયા વાળો બની ગયો હતો. આખરે લોક માંગણીને ધ્યાને લઈ તંત્ર દ્વારા દોઢ કરોડના ખર્ચે નવીન રોડ બનાવાતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ખુશીની લહેર જોવા મળી છે.

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ નેશનલ હાઈવેથી લઈ સાદરા સુધીનો હાઈ-વે છેલ્લા ઘણા સમયથી બિસ્માર બન્યો હતો. માર્ગ ઢગઢાળા વગરનો હોવાથી વાહન ચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા હતા. આખરે અનેક રજૂઆતો અને લોકહિતને ધ્યાનમાં રાખી છેલ્લા કેટલાય દિવસથી કાચબાની ગતિએ ચાલતું કામ અચાનક રોકેટની ગતિએ થવા લાગ્યું હતું. રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે માર્ગનું સમારકામ થતા હવે રોજીંદુ અવર જવર કરતા વાહન ચાલકો અને વિદ્યાર્થીઓ સહીતના લોકોને મુશ્કેલીમાંથી છુટકારો મળ્યો હતો અને આનંદની લહેર જોવા મળી હતી.




અરવલ્લી જીલ્લાના ભિલોડામાં પોસ્ટલ બેલેટ ધ્વારા મતદાન શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયેલ છે.ભિલોડા તાલુકા મદદનીશ ચુંટણી અધિકારી,પ્રાંત અધીકારી આનંદકુમાર આચાર્યના જણાવ્યા મુજબ ભિલોડા સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં પોસ્ટલ બેલેટ ધ્વારા મતદાન યોજાયું હતું.૩૦-ભિલોડા-મેઘરજ વિધાનસભા મતવિસ્તારના ૮૪૨ કર્મચારી મતદારો પોસ્ટલ બેલેટ ધ્વારા કર્મચારી મતદારો મતદાન કરશે તેમ જાણવા મળેલ છે.પોસ્ટલ બેલેટ ધ્વારા કર્મચારી મતદારો તેમની નૈતીક ફરજના ભાગરૂપે મતદાન કરતા શાંતિપુર્ણ માહોલ પોસ્ટલ બેલેટ ધ્વારા મતદાન કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા પી.એસ.આઈ.વી.યુ.ચાવડા,ભિલોડા મામલતદાર એ.કે.જોષી,મેઘરજ મામલદાર રાજેન્દ્રભાઈ ઓઝા,ભિલોડા નાયબ મામલતદાર રમણભાઈ વણકર તેમજ ચુંટણી વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે વડાલી ખાતે ભાજપ બક્ષીપંચનું સંમેલન યોજાશે

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જંગી બહુમતીથી જીતાડવા માટે જિલ્લા બક્ષીપંચ મોરચાનું એક સંમેલન વડાલીની સી.જે હાઈસ્કૂલ ખાતે યોજાશે.

આ વિજય સંમેલનમાં રાજયના કેબીનેટ મંત્રી રમણલાલ વોરા, પ્રભારી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ દિનેશ અનાવાડીયા, જિલ્લા સંગઠન પ્રભારી અશોક ભાવસાર, પૃથ્વીરાજ પટેલ સહિત જિલ્લાના પૂર્વ ધારાસભ્યો, બક્ષી પંચ સમાજના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહેશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

# મુખ્યમંત્રી અમૃતમ્ યોજનામાં કાર્ડ કઢાવવા નાણાં ઉઘરાવાતાં હોવાની બૂમ

## મોડાસા મામલતદાર કચેરીમાં એક દલાલ કાર્ડ કાઢવાના ૨૦૦૦ થી ૨૫૦૦ લે છે : આ યોજના દ્વારા ગરીબોને ૨ લાખ રૂપિયાની તબીબી સારવાર મળે છે : મામલતદાર કચેરીના એક હંગામી કર્મચારીની પણ સંડોવણી હોવાની બૂમ

મોડાસા, તા. ૨૦

રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ૨ લાખ રૂપિયા સુધીની તબીબી સારવાર મળી રહે તે માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના કાર્યરત છે પણ આ જ યોજનામાં ધારા-ધોરણોનું ઉલ્લંઘન કરી રૂપિયા લઈ કાર્ડ કાઢી આપતો એક દલાલ મોડાસામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ બાબતે મામલતદાર તપાસ કરાવી યોગ્ય પગલા લે તેવી જનતાની માંગ છે.

રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે રાજ્ય સરકારે ‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’ અમલમાં મુકી છે જે અંતર્ગત બીપીએલ કાર્ડ ધારકને ૨ લાખ રૂપિયાની તીબીબી સારવારની સહાય મળી રહે તેવો સુંદર હેતુ છે. આ યોજનામાં કાર્ડ મોડાસા જનસેવા કેન્દ્ર પરથી કાઢી આપવામાં આવે છે. જે અંગેનો કોન્ટ્રાક્ટ પ્રાઈવેટ કંપનીના કર્મચારીઓ સંભાળે છે. આ યોજનામાં કાર્ડ કાઢી આપવા માટે છેલ્લા કેટલાક સમયથી બે નંબરીયા એક દલાલનુ નામ ખુબજ કુખ્યાત બન્યું છે. આ દલાલ ૨૦૦૦ થી ૨૫૦૦ રૂપિયા અમુક ગરીબ લોકો પાસેથી પડાવતો હોવાની બૂમ ઉઠી છે. આ ઉપરાંત આધારભૂત સુત્રોએ જણાવ્યું કે કાર્ડ કાઢવાના ધારાધોરણમાં ફેરફાર કરીને રૂપિયા લઈ કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ એજન્ટને રૂપિયા લઈ કાર્ડ કાઢી આપવામાં અદભૂત ‘આનંદ’ આવે છે. થોડા સમય પહેલાં એકાદ ખાનગી કર્મચારી વિરૂદ્ધ ફરીયાદ થતા બદલી પણ થઈ છે. પણ હજુ આ દલાલ કચેરીમા ંજ બિન્દાસ કાર્યરત છે. ત્યારે મામલતદાર વિશાલ સકસેના તથા અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ ‘મા’ યોજનામાં તપાસ કરાવે તો ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.

## પાટણમાં સમાજવાદી પાર્ટીના ઉમેદવારનો રોડ શો યોજાયો

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકીય બિનરાજકીય તેમજ ત્રીજા મોરચાની પાર્ટી અને અપક્ષ ઉમેદવારો દ્વારા રેલી અને પ્રચાર પ્રસારના ધમધમાટનો ગરમાવો હવે ધીમે ધીમે રંગ પકડી રહ્યો છે ત્યારે પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા સમાજવાદી પાર્ટીના ઉમેદવાર બાબુભાઈ રબારી અને તેમના સમર્થકો દ્વારા આજે શહેરના પાટણ-ચાણસ્મા હાઈવે પર આવેલ નવજીવન સર્કલ પાસેથી એક વિશાળ રોડ શો યોજાયો હતો.



પ્રાંતિજ નગરના તપોધન બ્રહ્મ સમાજના બાળકોને આચમનના નેજા હેઠળ વડીલોની સમૃતિમાં શૈક્ષણિક ચીજ વસ્તુઓનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. મૂળ વિજાપુરના રહેવાસી અને હાલ અમદાવાદ માં રહેતા રાજેન્દ્રભાઈ રાવલ રાજલ રાવલ અને ભરતભાઈ રાવલના પરિવાર દ્વારા અનેક શૈક્ષણિક કારકિર્દી અને સમાજિક સેવા જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. તપોધન બ્રહ્મ સમાજના આગેવાન રાજેન્દ્રભાઈ રાવલના પરિવાર દ્વારા ‘આચમન’ના નેજા હેઠળ પ્રાંતિજ સ્થિત સમગ્ર તપોધન બ્રહ્મ સમાજના તારલાઓને નોટબુક-ચોપડા સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના અગ્રણી, શંકરભાઈ રાવલ, રાકેશભાઈ રાવલ, લાલુભાઈ રાવલ, કેતનભાઈ રાવલ સહિત મોટી સંખ્યામાં સમાજના બંધુઓ જોડાયા હતાં.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧